શ્રી કૃષ્ણ હૉસ્પિટલ દ્વારા આશીર્વાદ™

# પરમાર્થ

આપની સહાયથી અન્યને મદદ મળે છે.

જાન્યુઆરી - માર્ચ ૨૦૨૨

## આપની અભિવ્યક્તિ :

ન્યુઝ લેટર મોકલવા બદલ આભાર. શ્રી ભાઈકાકા, ડૉ. એચ.એમ. પટેલ અને અમૃતાબેનનો વારસો વર્તમાન મૅનેજમેન્ટ દ્વારા જાળવી રાખવામાં આવ્યો તે જોઈને ખૂબ જ આનંદ થાય છે, તે બદલ અભિનંદન.

ખરેખર તમે આ અગ્રણીઓની અપેક્ષાઓ અને સ્વપ્નથી પણ આગળ કાર્ય કર્યું છે. તમારા ખંત અને સાધનાને લીધે જ આજે વિદ્યાનગર અને તેની આસપાસ વસતાં ગ્રામીણ પ્રજાજનો અમદાવાદ અને વડોદરા જેવા મેટ્રોપોલિટન શહેરોનાં લોકો કરતાં ઉત્કૃષ્ટ નહીં તો ત્યાંના જેવી જ સરસ આરોગ્ય સંભાળ મેળવી રહ્યાં છે.

તમારી અવિરત પ્રગતિ માટે મારી પ્રાર્થના સાથે તમને સહાય કરવાનો પ્રણ લઉં છું. શુભેચ્છા સહ .

**- ડૉ. બારિન્દ્ર દેસાઈ**

*(દાતા અને શુભેચ્છક જેમણે છેલ્લા ૨ વર્ષમાં રૂા. ૧૮૦ લાખનું દાન કર્યું.)*

મારું અભિવાદન સ્વીકાર કરશો. આપણા સમાજમાં જીવન અને નિવારક સ્વાસ્થ્યના ક્ષેત્રે તમારા દ્વારા હાથ ધરેલ પ્રયાસો અને મધ્યસ્થી જોવું ખૂબ રસપ્રદ લાગે છે. આપ લોકો ખૂબ સંભાળ અને સમર્પણ સાથે આ ભવ્ય કાર્ય કરી રહ્યા છો. આવી જ રીતે કામ કરતા રહેશો. પ્રભુની પરમ કૃપા આપ પર રહે તેવી પ્રાર્થના.

**- ડૉ. (મેજર) હિમાંશુ પાન્ડેય**

*સીનિયર સર્જન અને સી.એમ.ઓ., આઈ.ઓ.સી.એલ. હૉસ્પિટલ, વડોદરા*

*(આઈ.ઓ.સી.એલ. દ્વારા કોવિડ માટે ૪ વેન્ટિલેર અને રૂા. ૬૩ લાખના મશીન-સંસાધન ૨૦૨૧માં દાન કર્યા. )*

જ્યારે હું મારા વતન વિસ્તારનાં લોકોને મદદ કરવા વિશે વિચારું છું ત્યારે મને લાગે છે કે શ્રી કૃષ્ણ હૉસ્પિટલ થકી આમ કરવું તે એક શ્રેષ્ઠ વિકલ્પ છે, કારણ કે હૉસ્પિટલ આ પ્રદેશમાં જરૂરિયાતમંદ લોકો સહિત તમામ લોકોને ઉત્તમ તબીબી સેવા પૂરી પાડે છે. યુ.એસ.માં હોવાથી મને ચારુતર હેલ્થ ફાઉન્ડેશન, યુ.એસ. દ્વારા મારી દાન સેવા મોકલવાનું ખૂબ જ આસાન પડે છે.

**- પ્રવિણભાઈ એસ. પટેલ**

*(છેલ્લા બે વર્ષમાં ૧૨૫૦USD નું દાન કર્યું)*

## સ્વીકૃતિ

અમે ચારુતર આરોગ્ય મંડળ તરફથી, સૌ દાતાઓ તેમજ દાનવીર સંસ્થાઓ થકી મળેલ સહાય માટે કૃતજ્ઞતાપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ સહાય દ્વારા અમે જરૂરીયાતમંદ દર્દીઓને ગુણવત્તાસભર સારવાર-અત્યાધુનિક સાધનો તથા પ્રોસીજર્સનાં ઉપયોગ દ્વારા પૂરી પાડી શક્યા.

## રાજેશે તેની હિલચાલ પાછી મેળવી



*રાજેશ - સારવાર દરમ્યાન*

ફતેસિંહ ચાવડાનો સૌથી મોટો પુત્ર રાજેશ નવ સભ્યોના સંયુક્ત પરિવારમાં ગુજરાતના આણંદ જિલ્લાના હાડગુડ ગામે રહે છે. સ્વભાવે નિશ્ચિત રાજેશ અભ્યાસ અધવચ્ચે છોડ્યા બાદ તેના માતા-પિતા અને ભાઈ વિપુલ સાથે ખેતમજૂરીએ જાય છે. દક્ષા સાથે તેના લગ્ન વર્ષ ૨૦૧૭માં થયાં. આ ૨૬ વર્ષીય યુવાન માટે જીવન તડકા-છાયા ભર્યું રહ્યું. લગ્ન પછી તરત જ એક માર્ગ અકસ્માતમાં તેનું ટુ-વ્હીલર સામેથી આવતાં ટુ-વ્હીલર સાથે અથડાતાં તેને ગંભીર ઈજા થઈ. હૉસ્પિટલમાં ઘણા દિવસો સુધી રહી શસ્ત્રક્રિયાઓ છતાં તે સંપૂર્ણપણે સામાન્ય ન થઈ શક્યો. તેને હવે ચાલવામાં તકલીફ છે અને તે હાલ બેરોજગાર છે. દક્ષા હવે તેમના ૩ વર્ષના અને ૬ મહિનાના એમ બન્ને બાળકોના ભવિષ્યને લઈને ચિંતિત છે.

જાણે આ પુરતું ન હોય તેમ, હાલમાં ફરી એક દિવસ તેને શરીરનાં નીચેના અંગોમાં દુઃખાવો અનુભવ્યો, તેના બન્ને પગ ઢીલાં પડી ગયાં અને તેની જીભ થોથવાઈ રહી હતી. પરિવારને તેની આ બીમારી સમજમાં આવી રહી નહોતી. થોડા દિવસ બાદ તેની પરિસ્થિતિ વધુ બગડવા માંડી. તેને શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદમાં લાવ્યા બાદ એ નિદાન થયું તે રોગપ્રતિકાર તંત્ર ઉપર હુમલો કરતાં ગુલિયન બેર સિન્ડ્રોમ નામનાં ગંભીર રોગથી પીડાઈ રહ્યો છે.

તેને વૅન્ટિલેટર સપોર્ટ, બ્લડ ટ્રાન્સફ્યુઝન, ભારે દવાઓ અને સઘન દેખરેખ સાથે આઈ.સી.યુ.માં દાખલ કરવામાં આવ્યો. સારવારનો અંદાજીત ખર્ચ રૂા. ૩.૫ લાખ થાય તેમ હતો, જે પરિવારને પોષાય તેમ ન હતો. પરિવાર દ્વારા કરવામાં આવેલ નિવેદન અને પરિવારની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ, મંડળ દ્વારા સારવાર ખર્ચમાં રાહત આપવાની સાથે-સાથે તેમના વતી સારવારમાં સહાય માટે દાતાઓને અપીલ કરવામાં આવી. દાતાઓએ બરાબર સમર્થન આપ્યું. રાજેશને ૩૭ દિવસની સફળ સારવાર બાદ, સાજો થઈ જતાં રજા આપવામાં આવી. તેના પરિવારે હૉસ્પિટલ અને દાતાઓનો આભાર માન્યો, જેમની સહાય વગર તેનું સાજા-સ્વસ્થ થવું મુશ્કેલ હતું.

## વિલાસબેન લીવરની દીર્ઘકાલીન બીમારીમાંથી સાજા થયાં

વિજયભાઈ પરમાર છુટક મિસ્ત્રી કામ કરે છે. તેમની ૩૦ વર્ષીય પત્ની વિલાસબેન, પ્રથમ પુત્રી પ્રિયંકાનો જન્મ થયો તે પહેલા તેમના કામમાં મદદ કરતાં. પ્રિયંકા હવે સાત વર્ષની છે અને તેની નાની બહેન નિશાને ૬ વર્ષ થયાં.



*વિલાસબેન - સારવાર દરમ્યાન*

જીવન સરળતાથી ચાલી રહ્યું હતું. થોડા સમય પહેલાં, વિલાસબેનને પેડુના ભાગે દુઃખાવો શરૂ થયો. અચાનક એક દિવસ તેમને ઉપરા-છાપરી બે વાર લોહીની ઊલટી થઈ. તેની પુત્રીઓ ચોંકી ગઈ. પાડોશીઓએ વિજયભાઈને જાણ કરતાં તેઓ તેમને સ્થાનિક તબીબ


વિલાસબેન - સારવાર બાદ

પાસે લઈ ગયા. બીજે દિવસેપણ દુઃખાવો ચાલુ રહ્યો અને તેમને કાળુ મળ (મલેના) થયું. પરિવારજન હવે ખરેખર ગભરાઈ ગયાં. વિલાસબેનને શ્રી કૃષ્ણ હૉસ્પિટલ લાવવામાં આવ્યા અને તબક્કાવાર પરિક્ષણો કરવામાં આવ્યાં.

ડૉક્ટર એ નિષ્કર્ષ પર પહોંચ્યાં તેઓ યકૃતની ગંભીર બીમારીથી પીડાય છે જેને ક્રૉનિક લિવર પેરાનચાઈમલ ડીસીઝ કહે છે, જેમાં લિવરના કોષોને સતત નુકસાન થતું રહે છે. હેબતાઈ ગયેલા વિજયભાઈએ પત્નીને બચાવવા ડૉક્ટરને વિનંતી કરી. ડૉક્ટરોએ સમજાવ્યું કે આ રોગનો ઉપચાર સંભવ છે, પરંતુ સારવારનો ખર્ચ આશરે રૂા. ૩.૫ લાખ જેવો થશે. સારવારનો ખર્ચ ઉઠાવવાની તેમની ક્ષમતા ન હોવાથી તેઓને લાગ્યું કે તે આ રોગ સામેની લડતમાં હારી જશે. આ વિચાર આવતાં જ તેઓ વૉર્ડની લૉબીમાં આવીને ડૂસકે-ડૂસકે રડવા લાગ્યાં. મંડળ તેની મદદ કરવા આગળ આવ્યું. તેઓ વતી નિવેદન મોકલવામાં આવ્યાં. સહાયનો પ્રવાહ શરૂ થયો. આઈ.સી.યુ.માં દાખલ વિલાસબેનને વૅન્ટિલેટર સપોર્ટ, બ્લડ ટ્રાન્સફ્યુઝન, ભારે દવાઓ અને સારસંભાળ સાથે સઘન સારવાર આપવામાં આવી. સારવાર સરસ રીતે આગળ ધપી. જ્યારે વિલાસબેન સંપૂર્ણપણે સાજા થઈ ઘેર જવા લાગ્યાં ત્યારે વિજયભાઈએ પોતાની લાગણી વ્યક્ત કરતાં હૉસ્પિટલ સ્ટાફ અને દાતાઓની સમયસર મદદ બદલ આભાર માન્યો.

## પરવિન્દર સિંગ ૬૮% દાઝ્યા પછી પણ ઉગરી ગયો

નવેમ્બર ૨૦૨૧ની એક સાંજે, ૧૦ વર્ષનો પરવિન્દર તેના બે ભાઈઓ સાથે મહેમદાવાદના ગુરુનાનકપુરામાં પોતાનાં ઘરની નજીક રેલવે લાઈન પાસે રમતો હતો. લખોટીઓ અને ભમરડાંથી રમીને કંટાળી ગયા બાદ, સરસ લહેરાતાં પવનથી પ્રોત્સાહિત થઈ તેઓએ પતંગ ઉડાવવાનું નક્કી કર્યું. થોડીવારમાં જ પરવિન્દરની પતંગ રેલવે લાઈન ઉપરના કેબલમાં ફસાઈ ગઈ. પણ તે પતંગને જવા દેવા રાજી નહોતો. તેણે નજીકમાં પડેલ લોખંડનો સળીયો ઉઠાવ્યો અને પતંગને તારમાંથી છોડાવવા ધ્યાનપૂર્વક પ્રયાસ કરવા લાગ્યો. આવાં જ એક પ્રયાસ દરમિયાન સળીયો એચ.ટી. લાઈનને અડી ગયો. છોકરાને કરંટનો જોરદાર ઝાટકો લાગ્યો. તે ગર્દન, હાથ, પંજાના ભાગે ગંભીર રીતે દાઝેલ સ્થિતિમાં હાથ-પગની ઈજાને કારણે કણસતો એક તરફ ફંગોળાઈ ગયો. તેના ભાઈઓ માતાને બોલાવવા ઘર તરફ દોડ્યા. કિરણ કૌર, જે પોતાની સહેલી સાથે વાતોમાં મગ્ન હતી તેને આ ખબર મળતાં પાડોશીઓ સાથે ઘટનાસ્થળે દોડી ગઈ. કોઈ હિતેચ્છુએ તેના પિતા મંગલસિંગ-જે ફુગ્ગા વેચી ગુજરાન કરે છે, તેમને શોધીને અકસ્માતની ખબર પહોંચાડી. પરવિન્દર ને ગંભીર સ્થિતિમાં શ્રી કૃષ્ણ હૉસ્પિટલ લાવવામાં આવ્યો.


પરવિન્દર - સારવાર દરમ્યાન

ડૉક્ટરે નિદાન કરી તેને ૬૮% બર્ન્સ, બૅક્ટેરિયાનો ચેપ, મૂત્રાશયના ચેપ સાથે એસિમ્પટોમેટિક હાઈપોનેટ્રીમીયા હોવાનું જણાવ્યું. આઈ.સી.યુ.માં દાખલ દર્દી તરીકે તેને આલ્બ્યુમિન, ભારે ઍન્ટી બાયોટિક્સ, સઘન દેખરેખ અને રિહેબ કસરતો સાથેની સારવાર જરૂરી હતી. તેના સાત સભ્યોના પરિવાર - જેમાં તેના માનસિક અસ્થિર કાકા પણ સામેલ છે, તેમના ગુજરાનની જવાબદારી તેના પિતાને માથે છે. સારવારનો અંદાજીત ખર્ચ રૂા. ૧૦ લાખ જેવો આંકવામાં આવ્યો જે તેમની પહોંચની બહાર હતો. દાતાઓને સહાય માટે નિવેદન કરવામાં આવ્યાં. હૉસ્પિટલ તરફથી સારવારનાં ખર્ચમાં રાહત આપવામાં આવી. આમ લગભગ બે મહિનાની સારવાર બાદ પરવિન્દર હેમખેમ ઘેર ગયો. દાઝ્યાનાં નિશાન જતા સમય લાગશે, પરંતુ તેની માતા કિરણ કૌર પોતાના હાથ ઉપર ઉઠાવી વાહે ગુરૂનો, દાતાઓનો તેમજ હૉસ્પિટલ સ્ટાફનો પાડ માને છે કે તેના પુત્રને દાઝી જવાથી ઉત્પન્ન જીવલેણ ચેપમાંથી ઉગારી, તેનો જીવ બચાવી લેવામાં આવ્યો.

# મુખ્ય પ્રવૃત્તિઓ

## જરૂરિયાતમંદ દર્દીઓની સારવારમાં સહાય અર્થે મંડળ દ્વારા ફાર્મસન ફાર્માસ્યુટિકલ્સ સાથે કરાર કરવામાં આવ્યો



શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ ખાતે સારવાર લેતાં બાવન જરૂરિયાતમંદ દર્દીઓની સારવારમાં આર્થિક સહાયરૂપે આરોગ્ય-સેવાના નેજા હેઠળ સી.એસ.આર. પ્રવૃત્તિના અમલ માટે ફલ્ક્રમ વિઝનની દરમિયાનગીરીથી ચારૂતર આરોગ્ય મંડળ અને ફાર્મસન ફાર્માસ્યુટિકલ્સ, ગુજરાત વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં. મંડળ દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓને સમજવાના હેતુથી હૉસ્પિટલની મુલાકાતે આવેલ ફાર્મસન ફાર્માસ્યુટિકલ્સના જનરલ મેનેજર (એચ.આર.) દ્વારા આશીર્વાદ યોજના હેઠળ હાથ ધરવામાં આવેલ પ્રયાસોને બિરદાવવામાં આવ્યાં.

## સહાયની સરવાણી અવિરત વહેતી રહી

- ઈનર વ્હીલ ક્લબ, આણંદ રાઉન્ડ ટાઉનના પૂર્વ પ્રેસિડેન્ટ બિન્દુબેન દોશી તરફથી થેલેસિમિયાના દર્દીઓ માટે મૈત્રી મંડળ ટ્રસ્ટના થકી પાછલા દસ વર્ષની વધુ સમયથી થેલેસિમિયાની કિટ્સનું નિયમિત અને અવિરત દાન થતું રહ્યું છે. આ કિટમાં બ્લડ ટ્રાન્સફ્યુઝન સેટ-અપ, આઈ.સી. અને સિરીંજીસ સામેલ છે. જેનો ઉપયોગ ૩ વર્ષથી ૧૧ વર્ષની આયુનાં બાળ દર્દીઓને નિ:શુલ્ક સારવાર આપવા માટે થાય છે.
- હાઈપરટૅન્શન, ડાયાબિટિસ અને ટ્યુબરક્યુલોસિસ (ટી.બી.)થી પીડાતાં અને અમારી હૉસ્પિટલમાં સારવાર લેતાં આવા દર્દીઓને દવાના ખર્ચને પહોંચી વળવા માટે ઑક્ટોબર, ૨૦૧૯થી યુ.એસ.એ. સ્થિત ડૉ. ઈલાબેન અને ડૉ. વિનોદભાઈ શાહ દ્વારા નિયમિતરૂપે આર્થિક સહાય આપવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૫૦૦ જેવા આ દર્દીઓને સહાયનો લાભ મળ્યો છે.
- વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૫ની અવધિમાં હૉસ્પિટલના બોન મૅરો ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર માટે માતબર દાન આપવાની સાથે-સાથે ઑગસ્ટ ૨૦૧૭ થી શ્રીમતિ ભાવિનીબેન પટેલ દ્વારા નવજાત શિશુઓ માટેની કિટનું નિયમત દાન કરવામાં આવી રહ્યું છે જેને નિ:શુલ્કરૂપે દરેક માતાને આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૪૯૭

શિશુઓને આનો લાભ મળ્યો છે.

- ફેબ્રુઆરી ૨૦૧૯થી ફર્સ્ટ ક્રાય દ્વારા નવજાત શિશુઓ તેમજ જરૂરિયાતમંદ પરિવારોથી આવતી તેમની માતાઓને માટે કિટનું નિયમિત દાન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં આવી ૨૩૭૬ કિટ નિઃશુલ્કરૂપે વહેંચવામાં આવી છે જેના થકી માતાઓમાં કૃતજ્ઞતાનો ભાવ અને તેમના ચહેરા પર સંતોષસભર સ્મિત લહેરાય છે.
- જાન્યુઆરી ૨૦૨૦થી યુનાઈટેડ વે ઑફ બરોડા દ્વારા હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલ ગર્ભવતી માતાઓને માટે મૅટરનિટી કિટનું દાન કરવામાં આવી રહ્યું છે. શિશુઓને જન્મ આપનાર આવી ૧૩૫૦ માતાઓને આ નિઃશુલ્ક કિટનો લાભ મળ્યો છે.
- શ્રી કૃષ્ણ હૉસ્પિટલનાં પ્રિવિલેજ સેન્ટરમાંની પ્રિવેન્ટીવ હેલ્થ ચૅક-અપ વિંગ માટે યુ.એસ.એ. સ્થિત શ્રીમતિ કુમુદબેન પટેલ દ્વારા ચારૂતર આરોગ્ય મંડળને માતબર દાન આપવામાં આવ્યું, વિંગનું લોકાર્પણ ઑક્ટોબર ૨૦૨૧માં એક સાદા સમારોહમાં કરવામાં આવ્યું.
- મે. નવીન ફ્લોરિન દ્વારા તેમના આરોગ્ય સેવા હેઠળની સી.એસ.આર. પહેલના ભાગરૂપે અમારા ડાયગ્નોસ્ટિક સેન્ટરની ઈમ્યુનો પૅથોલૉજી લેબનાં સુદૃઢીકરણ માટે માઈક્રોટોમ અને સ્ટેનરની સ્થાપના માટે આપેલ અનુદાન માટે મંડળ તેમનો આભાર માને છે. અમુક પ્રકારના કૅન્સરનાં સચોટ નિદાન માટે આ બન્ને ઉપકરણ ઉપયોગી સાબિત થશે.




*હેલ્થ ચૅક-અપ વિંગનું ઉદ્‌ઘાટન*

## કૃતજ્ઞતા:

આપના જેવા અસંખ્ય વ્યક્તિઓ અને સંસ્થાઓ તરફથી ચારૂતર આરોગ્ય મંડળની પ્રવૃતિઓ હાથ ધરવામાં વિવિધ રૂપે અમને ટેકો મળ્યો છે. મંડળની ઉત્તરોત્તર પ્રગતિ આપની મદદ અને પ્રોત્સાહન વિના કદાચ શક્ય ન થઈ હોત. આ ઉદાર સહાય થકી અમે પીડિતોને સાંત્વના સભર સારવાર પૂરી પાડી શક્યાં. આપની આ ઉદારતાને લીધે જ અમે ગ્રામીણ વંચિત સમુદાયને ગુણવત્તાસભર આરોગ્ય સંભાળ પોસાય તેવા દરે પૂરી પાડવાના સંસ્થાના ધ્યેયને પામી શક્યાં. ભારત અને વિદેશમાં વસતાં સહુ ઉદાર દાતાઓ કે જેમણે મંડળના પ્રોજેક્ટ અને પ્રવૃતિઓને માટે ઉદાર થઈને ટેકો આપ્યો છે તે સૌનો અમે હૃદય પૂર્વક આભાર માનીએ છીએ.

**મુખ્ય દાતાઓ - જાન્યુઆરી થી માર્ચ ૨૦૨૨ દરમ્યાન**

**રૂા. ૫૦ લાખ અને વધુ**
- દેસાઈ બ્રધર્સ લિ.

**રૂા. ૧૦ લાખથી ૫૦ લાખ સુધી**
- ડૉ. વિનોદ કે શાહ અને ઈલા શાહ યુ.એસ.એ.
- મે. નવીન ફ્લૉરિન ઈન્ટરનેશનલ લિ.
- મે. રોટોમોટિવ પાવરડ્રાઈવ્સ ઈન્ડિયા લિ.
- મે. આઈનૉક્ષ એર પ્રોડક્ટ્સ પ્રા.લિ.
- શ્રીમતિ પન્ના એસ. પટેલ
- તાતા એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ
- મે. જી.એમ.એમ. ફોડલર લિ.
- બી.કે. પટેલ ટ્રસ્ટ
- મે. ડાઉનટાઉન મૉટર્સ લિ.
- મે. લક્ષ્મી સ્નૅક્સ પ્રા.લિ.
- કુ. પાલોમિતા એસ. પટેલ
- શ્રીમતિ સુધાબેન સુમંતભાઈ પટેલ
- શ્રી હર્ષદ પટેલ, યુ.એસ.એ. (પી.એલ. પટેલ ફાઉન્ડેશન)

**રૂા. ૫ લાખથી ૧૦ લાખ સુધી**
- મે. રોટોમૅગ મૉટર્સ ઍન્ડ કંટ્રોલ્સ પ્રા.લિ.
- ગીવ ફાઉન્ડેશન
- મે. બૅન્કો ઍલ્યુમિનિયમ લિ.
- મે. સ્ટાન્ડર્ડ પૅસ્ટિસાઈડ્સ પ્રા.લિ.
- મે. સિપ્રિયાની હૅરિસન વાલ્વ્સ પ્રા.લિ.
- મે. રિશિ એફ.આઈ.બી.સી. સૉલ્યુસન્શ પ્રા.લિ.
- મે. ટ્રાન્સપૅક ઈન્ડસ્ટ્રી લિ.
- મે. વૉલ્ટૅમ્પ ટ્રાન્સફૉર્મર્સ લિ.
- શ્રી શૈલેન્દ્ર લાજપતરાય પટેલ
- શ્રીમતિ ઉષાબેન ચંદ્રવદન શાહ

**રૂા ૧ લાખથી ૫ લાખ સુધી**
- શ્રી નારાયણ, યુ.એસ.એ.
- શ્રી શાંતિભાઈ જી. પટેલ, યુ.એસ.એ.
- શ્રી વલ્લભ પ્રીતિ સેવા સમાજ ઑફ હ્યુસ્ટન -સેવા ઈન્ટરનેશનલ, યુ.એસ.એ.
- મે. વિદ્યા વાયર્સ પ્રા.લિ.
- મે. બૅન્કો પ્રોડક્ટસ (ઈન્ડિયા) લિ.
- ગીવ ફાઉન્ડેશન ઈન્ક.
- મે. ગ્રાન્ડ પૉલિકોટ્સ કંુ. પ્રા.લિ.
- શ્રીમતિ રાજેશ્રીબેન જયપ્રકાશભાઈ ત્રિવેદી
- શ્રીમતિ નિર્મલાબેન ગોપાલભાઈ પટેલ
- મે. ભારત ટાયર્સ ગુજરાત પ્રા.લિ.
- મે. પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.
- મે. રવિકિરણ સિરામિક પ્રા.લિ.
- મે. તારક કૅમિકલ્સ લિ.
- મે. ધી સુપ્રિમ ઈન્ડસ્ટ્રિઝ લિ.
- મે. વિજય ટૅન્ક્સ એન્ડ વૅસલ્સ પ્રા.લિ.
- મે. વિસકો રિહેબિલિટેશન એઈડ્સ પ્રા.લિ.
- શ્રી હરિભાઈ એફ. પટેલ મૅમોરિયલ ટ્રસ્ટ
- ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન લિ. ગુજરાત રીફાઈનરી
- ડૉ. ફારુખ એરચ ઉદવાડિયા
- શ્રી મોહંમદહનિફ એસ. સૈયદ

**રૂા ૫૦,૦૦૦ થી રૂા. ૧ લાખ સુધી**
- શ્રી મહેશભાઈ પટેલ, યુ.એસ.એ.
- શ્રી આર.જી. સુબ્રમણ્યમ
- શ્રી મહેશભાઈ છોટાભાઈ પટેલ
- શ્રી બંકિમકુમાર વિપિનચંદ્ર પટેલ
- મે. વૅલ્થ ફર્સ્ટ પોર્ટફોલિઓ મૅનેજર્સ લિ.
- કુ. આર.એસ. જયશ્રી
- આર.બી.સી.બી. ચૅરિટી ટ્રસ્ટ
- શ્રી અંકિત ભારદ્વાજ
- શ્રી દિલિપભાઈ પરસોત્તમભાઈ પટેલ
- શ્રી રમેશભાઈ હિંમતલાલ શાહ

**રૂા ૨૫,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધી**
- શ્રી પ્રવિણ એસ. પટેલ, યુ.એસ.એ.
- શ્રી મનીષભાઈ એસ. પટેલ
- શ્રીમતિ અરૂણાબેન એસ. લખાણી
- નવનીત ફાઉન્ડેશન
- શ્રી રાજીવ શર્મા
- શ્રી કૃષ્ણકુમાર અમૃતલાલ ગણાત્રા
- ચરોતર પ્રદેશ આર્ય સમાજ
- શ્રી અભિજીત મનુભાઈ પટેલ
- શ્રી લક્ષ્મીકાંત નંદલાલ મિશ્રા
- શ્રી નરેન્દ્રભાઈ જશભાઈ પટેલ, કૅનેડા
- શ્રીમતિ ભાવિકાબેન અક્ષયકુમાર શેલત
- શ્રીમતિ કિરણબેન પ્રવીણચંદ મુથા
- ડૉ. દીપકકુમાર શર્મા
- ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ
- ડૉ. સમીરકુમાર ભાનુભાઈ પટેલ
- ડૉ. સ્મૃતિ વૈષ્ણવ
- મે. એચ.પી.એસ. ગૅસીઝ લિ.

## જરૂરતમંદ દર્દીઓને સહાય આપવાનાં વિકલ્પ

| ક્રમાંક | પ્રોજેક્ટનું નામ | એકમ દીઠ અંદાજીત ખર્ચ, રૂા. |
|---|---|---|
| ૧ | બોન મૅરો ટ્રાન્સપ્લાન્ટના દર્દીની સારવાર અર્થે | ૮,૦૦,૦૦૦ |
| ૨ | હૃદયમાં છીદ્રવાળા બાળકને નવજીવન આપવા અર્થે | ૧,૨૫,૦૦૦ |
| ૩ | કુપોષિત સગર્ભા સ્ત્રીને જટિલ પ્રસૂતિમાં નવજીવન આપવા અર્થે | ૧,૦૦,૦૦૦ |
| ૪ | કેન્સરથી પીડાતા એક ગરીબ દર્દીની સારવાર અર્થે | ૧,૦૦,૦૦૦ |
| ૫ | રોડ અકસ્માતમાં ઘાયલ થયેલ દર્દીની સારવાર અર્થે | ૧,૦૦,૦૦૦ |
| ૬ | એન.આઈ.સી.યુ. માં દાખલ અધૂરા માસે જન્મેલ ઓછા વજનવાળા નવજાત શિશુની સારવાર અર્થે | ૭૫,૦૦૦ |
| ૭ | આશીર્વાદ વૉર્ડસમાં દાખલ સહુ દર્દીઓને એક દિવસનું ભોજન આપવા અર્થે | ૬૫,૦૦૦ |
| ૮ | એક ગરીબ દર્દીનાં મોતિયાનાં ઑપરેશન ખર્ચ ઉઠાવવા અર્થે | ૫,૦૦૦ |
| | **હૉસ્પિટલના મકાન, મશીનરી/સંશોધન અર્થે સહાય આપવાનાં વિકલ્પ** | |
| ૧ | કાર્ડિયાક ઍમ્બ્યુલન્સ | ૪૦,૦૦,૦૦૦ |
| ૨ | નવજાત શિશુઓ માટે ઈન્ક્યુબેટર (બેની આવશ્યકતા છે) | ૧૮,૦૦,૦૦૦ |
| ૩ | અમારી સેવાલિયાની હૉસ્પિટલના ડાયાલિસિસ સેન્ટર માટે ડાયાલિસિસ મશીન | ૭,૪૦,૦૦૦ |
| ૪ | FESS ઈન્સ્ટ્રુમેન્ટ્સ | ૧૦,૦૦,૦૦૦ |
| ૫ | પ્રિવિલેજ સેન્ટરમાં ગોલ્ડરૂમના નામકરણ હેતુ | ૧૦,૦૦,૦૦૦ (રૂમ દીઠ) |
| ૬ | પ્રસ્તાવિત સ્કિલ લૅબમાં રૂમના નામકરણ હેતુ | ૧૦,૦૦,૦૦૦ (રૂમ દીઠ) |
| ૭ | ઈ.એન.ટી. ઑપરેશન થિયેટર માટે કોબ્લેટર | ૮,૫૦,૦૦૦ |
| ૮ | કોર મૅડિકલ રિસર્ચ (સંશોધન) અર્થે (આવકવેરા અધિનિયમ 35 (i) (ii) હેઠળ) | ૧,૦૦,૦૦૦ અને વધુ |

**નોંધ:**

૧. દર્દીની સારવાર અર્થે કરેલ દાન ને સારવાર લઈ રહેલ એક દર્દી સાથે સાંકળી લેવામાં આવે છે.

૨. મકાન, મશીનરી હેતુ પ્રાપ્ત દાન માટે દાતાઓનાં યોગદાનની અભિવ્યક્તિ મંડળ દ્વારા અચૂક કરવામાં આવે છે. તેમજ જ્યાં શક્ય હોય ત્યાં નામકરણ પણ દાતાની ઈચ્છા મુજબ કરવામાં આવે છે.

૩. આપનાં દાનની રકમ ચેક અથવા પેટીએમ દ્વારા "ચારૂતર આરોગ્ય મંડળ" ને મોકલશો. દાનનો હેતુ સ્પષ્ટપણે જણાવશો. **ઑનલાઈન દાન આપવા માટે બાજુમાં આપેલ QR Code સ્કૅન કરી, દાન આપ્યા પછી ઈ-મેઈલ/ફોન દ્વારા દાનની વિગત જણાવવા વિનંતી.** દાનની રકમ આવક વેરા કલમ ૮૦ જી મુજબ ૫૦% ટેક્સ રાહતને પાત્ર થશે. યુ.એસ./યુ.કે.ની અમારી ચૅરિટીમાં દાન કરવા અને સ્થાનિક આવકવેરા રાહત મેળવવા માટે કૃપા કરી helpus@charutarhealth.org પર અમારો સંપર્ક કરશો.

૪. સંસ્થાઓ અને પગારદાર વ્યક્તિઓ દ્વારા 'વૈજ્ઞાનિક સંશોધન' માટે કરાયેલ દાન આવકવેરા કલમ 35 (1) (ii) અને 80 GGA હેઠળ અનુક્રમે ૧૫૦% અને ૧૦૦% કર રાહતને પાત્ર થશે.

---

**મંડળ નીચે મુજબની સંસ્થાઓની સૂચિ પર છે.**

- ગિવ ઈન્ડિયા
- ચૅરિટી એઙ ફાઉન્ડેશન, ઈન્ડિયા
- આઈ-ચૅરિટી
- હૅલ્પ યૉર એન.જી.ઓ.
- ટિસ, સીએસઆર હબ (ડિસેમ્બર ૨૦૨૩ સુધી)

**મંડળ નીચે મુજબની સંસ્થાઓ સાથે રજીસ્ટર્ડ છે**

- ગાઈડ સ્ટાર ઈન્ડિયા પ્લેટિનમ સીલ (રજી નં. ૭૮૦) (રિન્યુઅલ માટે અરજી કરેલ છે.)
- વર્ષ ૨૦૧૬માં મંડળને ઈમ્પલીમેન્ટીંગ એજન્સીસ હબનું બહુમાન ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ કૉર્પોરેટ ઍફર્સ (આઈ.આઈ.સી.એ.) દિલ્હી દ્વારા કરવામાં આવ્યુ.

**મંડળને નીચે મુજબની સંસ્થાઓની માન્યતા પ્રાપ્ત થયેલ છે.**

- બી.એસ.ઈ. સમ્માન
- ક્રેડિટીબિલિટી ઍલાયન્સ (ડિઝાયર્ડ નોર્મ્સ)

---

## નિયમિત રૂપે સહાય આપવા પ્રતિજ્ઞા લો

**મને "ચારૂતર આરોગ્ય મંડળ"ની ડોનર્સ ડિરેક્ટરીમાં સામેલ થવામાં આનંદ થશે.**

હું ગરીબ જરૂરતમંદ દર્દીઓની સારવાર અર્થે દર વર્ષે રૂા. (૧૦૦૦/૨૦૦૦/૫૦૦૦/૧૦૦૦૦/ __________) રૂા. (શબ્દોમાં) અંકે રૂા.__________

__________ પૂરા આપવા બંધાઉં છું. હું પ્રતિજ્ઞા લઉં છું કે, ઉપરોક્ત રકમ દર વર્ષે ______ મહીનામાં આપને મોકલી આપીશ.

નામ: __________ ઈમેલ: __________.

સરનામુ: __________ ફોન/મોબાઈલ નં: __________

પાનકાર્ડ નં.: __________ જન્મ તા.:__________

સહી

" તમને જે પ્રાપ્ત થાય છે તેના થી જીવન નિર્વાહ થાય છે, પણ જે તમે આપો છો તેનાથી એક જીવન સફળ થાય છે"